વૃધ્ધો અને અપંગ નિરાધારોના નિભાવ માટે નાણાંકિય સહાય.

ગુજરાત સરકાર,
મજુર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગ,
સરકારી ઠરાવ ક્રમાંક:બીએમએ-૧૦૭૮-૨૦૧૬૮-છ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ:-૧૩-૪-૧૯૭૮.

:- ઠ રા વ :-

બે રોજગાર હોય એવા શિક્ષિત અપંગોને બેરોજગારી ભથ્થુ અને નિરાધાર હોય એવા વૃધ્ધોને પેન્શનના પ્રશ્નનો અભ્યાસ કરવા સરકારે એક અભ્યાસ જુથની નિમણુંક કરી હતી. આ અભ્યાસ જુથે નાણાકિય અસરો વર્ણાવતો એનો અહેવાલ સરકારને રજુ કર્યો છે. સરકારે આ ભલામણોની તપાસ કરવા સત્તાધિકાર ધરાવતી સમિતિ નીમી છે. દરમિયાન હાલ પુરતું સામાજિક સુરક્ષા કાર્યક્રમ તરીકે નિરાધાર વૃધ્ધો અને અપંગોને નિભાવ માટે નાણાકિય સહાયની યોજના અમલમાં મુકવાનું સરકારે ઠરાવ્યુ છે. આ યોજના આખા રાજ્યમાં તા. ૧-૪-૧૯૭૮ થી અમલમા મુકવાની છે. લાભ મેળવનાર દીઠ માસિક રૂા. ૩૦/- અથવા પતિપત્ની બન્ને આ યોજના હેઠળ સહાય મેળવવા હકદાર હોય તો માસિક રૂા. ૫૦/- લેખે નાણાકીય સહાય આપવા માટેની પાત્રતાનુ ધોરણ નીચે મુજબ રહેશે.

૧. પુરુષો માટે ૬૫ વર્ષની વય અને સ્ત્રીઓ માટે ૬૦ વર્ષની અને તેથી વધુ વય.
૨. અરજદારની કુટુંમ્બની કુલ આવક વાર્ષિક રૂા. ૧૨૦૦/- થી વધુ ન હોવી જોઇએ. વ્યકિતગત આવક વાર્ષિક રૂા. ૩૦૦/- થી વધુ ન હોવી જોઇએ.
૩. નાણાકીય સહાય માટે અરજી કરતો અરજદાર ઓછામાં ઓછા ૧૦ વર્ષની મુદતથી ગુજરાત રાજ્યનો રહેવાસી હોવો જોઇએ.
૪. ધંધાદારી ભિક્ષુકો અને અન્ય ભિક્ષુકોને આ યોજનાનો લાભ આપવામાં આવશે નહી.

આ યોજનાના અમલીકરણ માટેની સુચનાઓ હવે પછી આપવામાં આવશે.

૨. આ અંગેનુ ખર્ચ અંદાજપત્રના સદર ''૨૮૮ - સામાજિક સુરક્ષા અને કલ્યાણ-ઘ- સમાજ કલ્યાણ-ચ-ગરીબ અને નિરાધારોનું કલ્યાણ-૧ એસસીડબલ્યુ-૧૫-એ-વૃધ્ધો અને અપંગ નિરાધારોના નિભાવ માટે નાણાકિય સહાય (આયોજન)'' ખાતે ઉધારવુ અને તે સદર નીચે કરેલી જોગવાઇમાંથી મેળવવુ.

૩. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નાણા સલાહકારશ્રીની તા. ૪-૪-૭૮ ની સહમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રજનીકાન્ત કોઠારી,
સેકશન અધિકારી,
મજુર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગ

પ્રતિ,

નિયામકશ્રી, સમાજ સુરક્ષા, અમદાવાદ,
સર્વે કલેકટરશ્રીઓ,
એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત, અમદાવાદ/ રાજકોટ,
નાણા સલાહકારશ્રી,
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર.